# કરેલા નાના નાના સત્કર્મો એજ જીવનનું  સાચું ભાથું છે.

બ્રહ્માકુમાર પ્રફુલ્લચંદ્ર શાહ ; મોબા. 09825892710

શિક્ષક દિન પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે ટી.વી. પર સીધો વાર્તાલાપ કર્યો ત્યારે તેમને પૂછેલા એક પ્રશ્નના જવાબ દરમ્યાન તેમણે જણાવ્યું હતું કે જીવનમાં કાંઈક બનવાના લક્ષ કરતા કાંઈક કરવાનું લક્ષ વધુ મહત્વનું છે.  તેમને જ્યારે પૂછવામાં આવ્યું કે શું તમે વડા પ્રધાન બનવાનું સ્વપ્ન સેવ્યું હતું તેના ઉત્તરમાં તેમણે જણાવ્યુ કે વડા પ્રધાન બનવાનું સ્વપ્ન તો નહોતું સેવ્યુ પરંતુ  જીવનમાં કાંઈક નવિન કરવું છે તેવું સ્વપ્ન જરૂર રાખ્યુ હતું અને તેના પરિણામ સ્વરૂપે જ આજે આ સ્થાન પર પહોંચ્યો છું.



જીવનમાં સદ્ વિચાર તેમજ શુભભાવનાઓનું જરૂર મહત્વ છે, પરંતુ તેથી પણ વધુ મહત્વનું છે વ્યક્તિના સત્કર્મો.  કોઈપણ વ્યક્તિ જયારે કોઈ કર્મ કરે છે તે પહેલા તે કર્મ કરવાનો વિચાર મનમાં આવે છે,  ત્યારબાદ તે કર્મ કરવાની ભાવના પેદા થાય છે. ત્યારબાદ તે કર્મ કરવાનો નિર્ણય કરે છે અને  અંતે તે કર્મ કરે છે. પરંતુ  વિચારો, ભાવનાઓ કે નિર્ણયો જો કર્મમાં ન પરિણામે તો તે વિચારો કે ભાવનાઓનું વિશેષ કોઈ મહત્વ રહેતું નથી.  એટલે જ આપણે ત્યાં કહેવાયું છે કે કર્મ જ બળવાન છે.  વિશ્વ નાટકનો જો કોઈ મહત્વપૂર્ણ શાશ્વત સિદ્ધાંત હોય તો તે કર્મનો સિદ્ધાંત છે.  તેમાં પણ  તેજ કહેવાયું છે કે જેવું કરશો તેવું પામશો,  જેવું વાવશો તેવું લણશો.  મનોવિજ્ઞાન પણ એમ કહે છે કે વ્યક્તિના વ્યક્તિત્વનો આધાર તેના અર્ધજાગૃત મન પર પડેલી છાપો છે.  આ પડેલી છાપોમાં કર્મોથી પડેલી છાપો ખુબ જ  ઉંડી તેમજ ગહન હોય છે.  એટલે વ્યક્તિના સકારાત્મક કે નકારાત્મક વ્યક્તિત્વના ઘડતરમાં પણ તેના દ્વારા થતાં કર્મો જ મહદ્ અંશે જવાબદાર છે.

ગાંધીજીને પુછવામાં આવ્યું કે  તમારો વિશ્વને શું સંદેશ છે ? ત્યારે તેમણે ઉત્તર આપેલો કે મારૂં જીવન જ મારો સંદેશ છે.  અર્થાત્ ગાંધીજીએ  પોતાના જીવનમાં પ્રેક્ટીકલ જે કાંઈ કરીને બતાવ્યું તે જ તેમનો સંદેશ છે.  ગીતામાં પણ કર્મયોગનું જ મહત્વ બતાવવામાં આવ્યું છે, તું જે સત્કર્મો કરૂં છું તે જ યોગ છે.

આ સત્કર્મોમાં પણ નિયમિત રૂપે  દિવસ દરમ્યાન કરેલા નાના નાના સત્કર્મોનું  ખુબ જ મહત્વ છે. એકાદ મોટું સત્કર્મ કરી જીવનમાં કોઈ સિદ્ધિને પ્રાપ્ત કરી દુનિયામાં પ્રત્યક્ષ થવા કરતાં કોઈના ખાસ ધ્યાન પર ન આવે એવા નાના નાના સત્કર્મો કરી અનેકોને મદદરૂપ થવું અને અનેકોની દુઆઓ મેળવવી તેજ જીવનનું સાચું ભાથું છે.  પછી તે કર્મો સાવ સામાન્ય કેમ ન હોય.

કોઈ ગંદા સ્થાનની સફાઈ કરી દેવી; કોઈ અપંગ કે અંધને રસ્તામાં મદદ કરી દેવી; રસ્તામાં ફસાયેલી પોતાની લારીને બહાર કાઢવા મથતા વ્યક્તિને ટેકો આપી લારી બહાર કાઢવા મદદરૂપ થવું; અકસ્માતમાં ઘવાયેલા વ્યક્તિને તુરંત હોસ્પિટલમાં લઈ જવો; ઘવાયેલા પશુ કે પક્ષીની પ્રેમથી માવજત કરવી; ફી નહિં ભરી શકવાના કારણે સ્કૂલ છોડવાની પરિસ્થિતિમાં મુકાએલા વિદ્યાર્થીની ફી ભરી ચાલ્યા જવું; વૃક્ષોની માવજત કરવી તેમજ નવા વૃક્ષોનું રોપણ કરવું; ખાસ કરીને બાળકો, મહિલાઓ પ્રતિ સ્નેહ અને સન્માનપૂર્વક વ્યવહાર કરવો; પાણી તેમજ વિજળીની બચત કરવી; કોઈને આધ્યાત્મિક જ્ઞાનની સાચી સમજ આપી જીવનની સાચી દિશા તરફ વાળવો; નિરાશ કે હતાશ થયેલા વ્યક્તિમાં ઉમંગ ઉત્સાહ ભરી દેવા વગેરે.

આ પ્રકારના સત્કર્મો આપણાં કોઈના ખાસ ધ્યાન પર આવતા નથી તેમજ આપણે કોઈ પ્રત્યક્ષ ફળ પણ મેળવતા નથી. એટલે આવા કર્મો મહદ અંશે સંચિત થઈ જાય છે અને આપણા અનેક જન્મો સુધરી જાય છે. આ ઉપરાંત આવા પ્રકારના સત્કર્મોથી જીવનમાં જે ખુશી અને સંતોષનો અનુભવ થાય છે, તે અન્ય કશા માંથી પ્રાપ્ત ન થઈ શકે. વિશ્વની દરેક વ્યક્તિ જો દિવસમાં આવા ત્રણ થી પાંચ સત્ કર્મો કરે તો આપણા કલ્પનાના રામરાજ્યની સ્થાપના સરળ બની જાય.

આ દિશામાં લોકોને જાગૃત કરવા તેમજ આવા અથવા સત્કર્મો કરવા પ્રોત્સાહિત કરવા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા " સાત અબજ સત્કર્મોની મહાયોજનાનું " વૈશ્વિક સ્તર પર આયોજન કરવામાં આવ્યું છે. જે ખુબ પ્રશંસનીય છે. આ યોજના અંતર્ગત સંસ્થાના અનેક સેવાધારી ભાઈ-બહેનો વિશ્વના લોકોનો સંપર્ક કરી રહ્યાં છે અને તેઓને દિવસ દરમ્યાન આવા નાના-નાના સત્કર્મો કરવા પ્રેરણા આપી રહ્યાં છે. લોકો પાસેથી સત્કર્મો કરવા માટે સંકલ્પ પત્રો પણ લઈ રહ્યાં છે. આ વર્ષ દરમ્યાન સાત અબજ જેટલા સત્કર્મો એકત્રીત કરવાનું સંસ્થાએ લક્ષ રાખ્યું છે. આપનો પણ સંસ્થાના સેવાધારી ભાઈ-બહેનો સંપર્ક કરે તો આપ પણ જો સત્કર્મોનો સહયોગ આપશો તો આપણે વિશ્વમાં કાંઈક બદલાવ લાવી એક શ્રેષ્ઠ સમાજની સ્થાપના કરી શકીશું.

------ ૐ શાંતિ -----